IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦

**ડો. પારુલ એસ. નાયક**
**માર્ગદર્શક**
**વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ.**
**જહાંગીરપુરા, સુરત**

**પ્રજ્ઞાકુમારી એન. કુંપાવત**
**રીસર્ચ સ્કૉલર**
**શિક્ષણ વિદ્યાશાખા**
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**

**સારાંશ:**

ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે એક મોટો પડકાર લઈને આવી છે તેમજ આપણે જેની કલ્પના પણ ના કરી હોય તેવા સુધારા નવી શિક્ષણ નીતિમાં આવી રહ્યા છે. આ પેપરમાં ઉચ્ચ શિક્ષણમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ની મુખ્ય લાક્ષણિક્તાઓની રૂપરેખા આપવામાં આવી છે તેમજ વર્તમાન શિક્ષણ પ્રણાલીને તે કેવી રીતે અસર કરે છે તેનું આલેખન કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ઉચ્ચ શિક્ષણમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની અસર

**પ્રસ્તાવના:**

ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP-2020) National Education Policy એ ઉચ્ચ શિક્ષણમાં એક પડકાર લઈને આવી છે. આપણે જેની કલ્પના પણ ન કરી હોય તેવા સુધારા નવી શિક્ષણ પ્રણાલીમાં આવી રહ્યા છે. ભારતના લોકોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ઘડવામાં આવેલી નીતિ છે. ભારત સરકાર દ્વારા પ્રથમ NEP વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા ૧૯૬૮ માં તેમજ બીજી વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધી દ્વારા ૧૯૮૬ માં અને ત્રીજી 2020 માં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૨૦૨૦ માં જાહેર કરવામાં આવી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ને ૨૯મી જુલાઈ, ૨૦૨૦ માં ભારતની કેન્દ્રીય કેબીનેટ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. નવી શિક્ષણ નીતિ જૂની ૧૯૮૬ ની શિક્ષણ નીતિને બદલે છે. આ નીતિ પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ તેમજ ગામડાથી લઈને શહેરો સુધી ભારતમાં વ્યાવસાયિક તાલીમ માટે એક વ્યાપક માળખું છે. આ નીતિનો ઉદ્દેશ ભારતની શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવાનો છે.

ત્રણ-ચાર વર્ષના વિચાર-વિમર્શ પછી લાખો લોકોના સલાહસૂચન પછી તેના પર થયેલા મંથન પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી મળી છે. લોકો વર્ષોથી ચાલતી આવતી શિક્ષણપ્રણાલીમાં ફેરફાર ઇચ્છતા હતા તે આમાં જોવા મળશે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે “ઉચ્ચતમ શિક્ષણ એ છે કે જે આપણને માત્ર માહિતી નથી આપતું પરંતુ આપના જીવનને આપના સમગ્ર અસ્તિત્વની સાથે સદભાવ સુધી લઇ જાય છે. દરેક દેશ પોતાની શિક્ષણ પદ્ધતિને પોતાના રાષ્ટ્રીય મૂલ્યોની સાથે જોડીને તેમાં બદલાવ કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. ધ્યેય એ હોય છે કે દેશની શિક્ષણ પદ્ધતિ પોતાની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયામાં પણ આવા જ વિચારો છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ ૨૧મી સદીના ભારતનો નવા ભારતનો પાયો નાંખનારી છે. ૨૧મી સદીના ભારતના આપના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્યો જોઇએ છે તે વિષય પર નવી શિક્ષણ નીતિમાં વધારે ધ્યાન અપાયું છે. વિકાસની નવી ઊંચાઈએ પહોંચવા માટે ભારતના નાગરિકોને વધુ સશક્ત બનાવવા માટે પણ આ શિક્ષણ નીતિમાં વધારે ભાર મૂકવામાં આવે છે.

**(૧) ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ :** ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણમાં એવા વ્યક્તિઓ હોવા જોઈએ કે ઉત્તમ, વિચારશીલ અને સર્જનાત્મક હોય. તે વ્યક્તિને રુચિ, ચારિત્ર્ય, નૈતિક અને બંધારણીય મૂલ્યો, સર્જનાત્મક સેવા ભાવના અને ૨૧ મી સદીના કૌશલ્યોને વિવિધ શ્રેણીમાં વિકસાવવા સક્ષમ બનાવવી જોઈએ. વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કળા, માનવતા, ભાષાઓ, વ્યક્તિગત, તકનીકી અને વ્યાવસાયિક વિષયો સહિતના ક્ષેત્રોમાં નવી શિક્ષણ નીતિ વર્તમાન પ્રણાલીમાં કેટલાક મૂળભૂત ફેરફાર લાવે છે.

**(૨) રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઉચ્ચ શિક્ષણના મુખ્ય લક્ષણો:**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દેશની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી પર સકારાત્મક અને લાંબા ગાળાની અસર લાવશે એવી અપેક્ષા છે.
- શાળા, કોલેજ અને યુનિવર્સીટીની સિસ્ટમમાં ફેરફારોને ઔપચારિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે નવી NEP રજૂ કરવામાં આવી છે. વિદેશી યુનિવર્સીટીઓને ભારતમાં કેમ્પસ ખોલવાની મંજૂરી આપવામાં આવશે તે સરકાર દ્વારા પ્રશંસનીય પહેલ છે. મલ્ટીડીસીપ્લનરી ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવાની નીતિ, કળા, માનવતા જેવા કે દરેક ક્ષેત્ર પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરશે અને શિક્ષણનું આ સ્વરૂપ વિદ્યાર્થીઓને શીખવા અને સર્વગ્રાહી વિકાસ કરવામાં મદદ કરશે. વિદ્યાર્થીઓ મજબૂત જ્ઞાન આધારથી સજ્જ થશે.
- સિંગલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટની રજૂઆત એ બીજું સકારાત્મક પગલું છે જે બહુવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના તણાવને ઘટાડશે અને તેમાંથી ઘણી નવી પરીક્ષાઓની તૈયારીના દબાણને હળવું કરશે. તે આગળ જતાં તમામ વિદ્યાર્થી અરજદારો અને સમાન રમતનું મેદાન પણ સુનિશ્ચિત કરશે.
- એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ (ABC) ની સ્થાપના એ વિવિધ માન્યતા પ્રાપ્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી અભ્યાસક્રમો લઈને વિદ્યાર્થીઓએ મેળવેલી શૈક્ષણિક ક્રેડિટસ સંગ્રહિત કરવા માટે ચોક્કસપણે એક મજબૂત વિચાર છે. વિદ્યાર્થી કોર્સ પૂરો કરીને સ્કોર્સ મેળવી શકે છે અને તે ABC એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. જો કોઈ વ્યકિત કોલેજ બદલવાનું નક્કી કરે તો આ ક્રેડીટ ટ્રાન્સફર કરી શકે છે. જો કોઈ વ્યક્તિ કોઈ કારણસર અભ્યાસ છોડી દે છે તો આ ક્રેડિટસ અકબંધ રહેશે જેનો અર્થ એ છે કે તે વર્ષો પછી પણ પાછા આવી શકે છે અને જ્યાંથી વિદ્યાર્થીએ છોડયું હતું ત્યાંથી તે ઉપાડી શકે છે.

**(૩) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ઘણા બધા સુધારા થયા છે જે નીચે મુજબ છે.**

- NEP નો મુખ્ય હેતુ ભારતના ઉચ્ચ શિક્ષણ આયોગની સ્થાપના કરવાનો છે જે કાયદાકીય અને તબીબી શિક્ષણ સિવાય એકમાત્ર નિયમનકારી સંસ્થા હશે.
- બહુવિધ પ્રવેશ અને બહાર નીકળવાનો કાર્યક્રમ.
- અધવચ્ચે અભ્યાસક્રમ છોડવા માંગતા લોકો માટે પ્રવેશ અને બહાર નીકળવાના બહુવિધ વિકલ્પો હશે. તેમની ક્રેડિટ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવશે.
- એપ્સ, ટીવી ચેનલો દ્વારા પુખ્ત વયના શિક્ષણ માટે ટેક આધારિત વિકલ્પ.
- પુખ્ત વયના શિક્ષણ માટે ગુણવત્તાયુક્ત ટેકનોલોજી આધારિત વિકલ્પો જેવા કે એપ્સ, ઓનલાઈન કોર્સ, મોડ્યુલ્સ, સેટેલાઇટ આધારિત ટીવી ચેનલો, ઓનલાઈન પુસ્તકો અને આઈસીટીથી સજ્જ પુસ્તકાલયો અને પુખ્ત શિક્ષણ કેન્દ્રો વગેરે વિકસાવવામાં આવશે.

**(૪) પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ ઈ-કોર્સ:**

- ટેકનોલોજીનો ઉપયોગ એ અધ્યયન, અધ્યાપન, મૂલ્યાંકન, શિક્ષક, શાળા અને વિદ્યાર્થી તાલીમનો ભાગ હશે. હિન્દી અને અંગ્રેજી સિવાય ઈ-કોર્સમાં જોડાવવા માટે મુખ્ય ૮ ભાષાઓ હશે.
- વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સીટીઓને ભારતમાં કામ કરવાની સુવિધા આપવામાં આવશે.
- તમામ કોલેજો માટે સામાન્ય પ્રવેશ પરીક્ષા, નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવનાર તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે સામાન્ય પ્રવેશ પરીક્ષા લેવાશે. પરીક્ષા વૈકલ્પિક હશે.

- ઉચ્ચ શિક્ષણનું નિયમન કરવા માટે હાયર એજ્યુકેશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (HECI) ની સ્થાપના કરવામાં આવશે. કાઉન્સિલનો ધ્યેય ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધારવાનો રહેશે.

**(૫) ઉચ્ચ શિક્ષણ પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિની અસરનું વિગતવાર વિશ્લેષણ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નોંધપાત્ર બાબત એ છે કે ઉચ્ચ શિક્ષણ માટે એક છત્ર સંસ્થા તરીકે ઉચ્ચ શિક્ષણ આયોગ (HECI) ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ છે. પ્રશ્ન એ થાય છે કે UGC અને AICTE નું શું થશે? HECI ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં સુધારાનું લક્ષ્ય ધરાવે છે. આ બિલ શૈક્ષણિક અને ભંડોળના પાસાઓને અલગ કરશે. આ બિલ મુજબ HECI પાસે કોઈ નાણાંકીય સત્તા રહેશે નહિ. (UGC) યુનિવર્સીટી ગ્રાન્ટ કમીશન દ્વારા હાથ ધરવામાં આવતી ભંડોળ પ્રક્રિયાઓ શિક્ષણ મંત્રાલય દ્વારા સંભાળવામાં આવશે. NEP-2020 અન્ય એક મહત્વપૂર્ણ ફેરફાર સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અંડર ગ્રેજ્યુએટ સ્નાતક પ્રવેશ અને ફેલોશીપ માટે પ્રવેશ પરીક્ષાઓ આયોજિત કરવા માટે (NTA) નેશનલ ટ્રેનિંગ એજન્સી પરીક્ષણ સંસ્થા તરીકે સેવા આપશે. સેંકડો યુનિવર્સીટીઓ અને કોલેજો પરના ભારણમાં ભારે ઘટાડો થશે અને સમગ્ર શિક્ષણપ્રણાલી તે વ્યક્તિગત યુનિવર્સીટીઓ અને કોલેજો પર છોડી દેવામાં આવશે. તેઓ તેમના પ્રવેશ માટે NTA મૂલ્યાંકનોનો ઉપયોગ કરે તે વિદ્યાર્થીઓને તેમની ડીગ્રી અને ક્રેડિટ સરળતાથી વિદેશની યુનિવર્સીટીઓમાં ટ્રાન્સફર કરવામાં પણ ચોક્કસ મદદ કરે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ ૨૦૩૦ સુધીમાં દરેક જીલ્લામાં તેમજ તેની નજીકમાં એક મોટી બહુમાળખાકીય હાયર એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુશનની કલ્પના કરી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ યોજનાના સંદર્ભમાં કોઈપણ સંસ્થામાં કોઈપણ અંડર ગ્રેજ્યુએટ ડીગ્રીનો ત્રણ કે ચાર વર્ષનો સમયગાળો હશે. આ સમયગાળામાં વ્યક્તિ ડીગ્રી છોડી શકે છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા એ વિદ્યાર્થીને બે વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી ડિપ્લોમાની ડીગ્રી, ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી ડિગ્રી અને કોઈપણ વ્યાવસાયિક અભ્યાસક્રમમાં એક વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમની પસંદગીની ભારત સરકાર શૈક્ષણિક સ્કોર્સને ડીજીટલ રીતે સંગ્રહિત કરવા માટે એકેડેમિક બેંક ઓફ ક્રેડિટની સ્થાપના કરવામાં પણ મદદ કરશે. આનાથી સંસ્થાઓ અને ક્રેડિટની ગણતરી કરી શકશે અને તેને વિદ્યાર્થીની ડિગ્રીમાં મૂકી શકશે.

**સારાંશ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) એ નવી શિક્ષણ નીતિમાં પ્રશંસનીય દ્રષ્ટિ ધરાવે છે. NEP ૨૦૨૦ એ ઉચ્ચ શિક્ષણ માટે નિર્ણાયકગણ છે. ઉચ્ચ શિક્ષણમાં ઘણા સુધારા અને નવો વિકાસ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ ભારત કેન્દ્રિત શિક્ષણ પ્રણાલીની કલ્પના કરે છે જે આપના રાષ્ટ્રને ટકાઉ અને જીવંત જ્ઞાન સમાજમાં રૂપાંતરિત કરવામાં સીધું યોગદાન આપે છે અને બધાને ઉચ્ચ ગુણવતાવાળું શિક્ષણ પ્રદાન કરે છે. શિક્ષણ પરની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ભારત સરકાર દ્વારા ભારતના લોકોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ઘડવામાં આવેલી નીતિ છે જેમાં ભારતના યુવાનો નોંધપાત્ર છે.

**સંદર્ભ:**


1. કુરીયન અજય, Impact of new education policy 2020 on higher education Nov-2020.
2. ચોપરા, રિતિકા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, ધ ઇન્ડિયન એક્ષ્પ્રેસ, ૨ ઓગસ્ટ, ૨૦૨૦
3. માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦